ચાતુર્માસિક રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

મૈત્રી · પ્રમોદ · કારુણ્ય · માધ્યસ્થ

સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર





नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.


રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા-વડોદરા

# ભાવના ભવ નાશિની

પ્રવક્તાઃ પરમપૂજ્ય મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ

| સં. ૨૦૪૦ કારતક વદ. ૩૦ | સોળમું વ્યાખ્યાન-૧૬ | રવિવાર, ૪-૧૨-૧૯૮૩ |
|---|---|---|

(વિષય : "સર્વ દુઃખ વિનાશિની-કરૂણા ભાવના"

दीनेष्वार्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥

— પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુને નમસ્કારપૂર્વક........

કળિકાળસર્વજ્ઞ શ્રીમાન હેમચન્દ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્ર મહાગ્રન્થમાં ફરમાવે છે કે જે જીવો જગતમાં દીન-દુઃખી છે, ખરેખર આર્ત અને પીડાગ્રસ્ત છે. મૃત્યુના ભયથી ભયભીત બનીને જીવવાની ઈચ્છાથી જીવનની યાચના કરનારા તથા ભયગ્રસ્ત જીવોના દુઃખો દૂર કરવાની ભાવનાને કરૂણા ભાવના કહેવામાં આવી છે.

## સુખ-દુઃખથી ભરેલો સંસાર

આ સંસારથી થોડા પરે થઈને જો સંસારનું સૂક્ષ્મ દષ્ટિથી નિરીક્ષણ કરીએ તો દેખાય છે કે આખો સંસાર સુખદુઃખથી ભરેલો છે. જેમ સમુદ્રમાં ભરતી અને ઓટ એકધારી આવે અને જાય છે, વણથંભ્યો ક્રમ ચાલ્યા કરે છે. એક વાર ભરતીમાં પાણીનાં મોજાં ઉછળતાં આવે છે અને કાંઠે અથડાઇને પોતાનો જોશ પૂરો કરીને પાછા ઓટ રૂપે વિદાય લે છે, ભરતીનું અસ્તિત્વ ભુંસાઈ ગયું અને ઓટનું રૂપ નિર્માણ થયું અને ફરીથી ઓટ પૂરી થાય છે અને ભરતી આવે છે પરન્તુ આ બન્નેની વચ્ચે બિચારા પાણીનો મરો થાય છે.

એ જ પ્રમાણે જીવરૂપી આ સંસારસમુદ્રમાં ખરેખર સુખ અને દુઃખની ભરતી અને ઓટ આવ્યા જ કરે છે. ગાઈએ છીએ કે:

સંસાર કેવો છે ? સંસાર કેવો છે ? એક સાગર જેવો છે. દુઃખ છે ઝાઝું ને સુખ છે ઓછું એવો આ સંસાર." વધુ પડતા દુઃખ અને નામમાત્ર સુખ અને તે પણ પાછું ક્ષણિક સુખ. કલ્પના કરો કે આવા નજીવા સુખમાં પણ સુખની આશાથી જીવો આ સંસારમાં જીવી રહ્યા છે. જેમ જેમ સુખની આશા વધુ કરીને વધુ ને વધુ સુખ મેળવવા મથામણ કરે છે ત્યાં તો ઘણીવાર વધુ દુઃખી થતાં પણ જોવામાં આવે છે. હકીકતમાં સુખ પણ સુખ નથી, સુખાભાસ જ છે, આભાસ માત્ર છે. સંસારના સુખમાં પણ દુઃખ સંતાયેલું છે.

જ્ઞાનીઓની દષ્ટિમાં આખોસંસાર દુઃખી છે બધાજીવો દુઃખના સાગરમાં હિંચકા ખાય છે. આ સંસારમાં તો જે સંસારનાં સુખોને છોડવાની પ્રવૃત્તિ

કરશે, તેજ તરશે બચશે. માત્ર દુઃખો છોડવાથી પણ નહીં ચાલે. દુઃખો ટાળવાની પ્રવૃત્તિ તો અનન્તા જન્મોમાં કરી, દરેક જીવ માત્ર કરે છે પરંતુ હજી પણ દુઃખો છૂટયા નથી, દુઃખો ટળ્યા નથી, તો હવે વીતરાગનું શાસન પામીને સુખો પણ છોડવા પ્રયત્ન કરવાનો છે. એમાં જ આપણી મર્દાનગી છે મહત્તા અને વિશેષતા છે,

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો, નારકીથીસ્વર્ગના દેવતાઓ અને મનુષ્ય સુધીના સર્વ જીવો સંસારમાં દુઃખી જ છે, અને દુઃખનું કારણ એક માત્ર પાપ છે. જો કોઈ પાપ જ ન કરતું હોત તો કદાચ કોઈ દુઃખી થાત જ નહીં; અને જો કોઈ દુઃખી થાત જ નહીં તો કદાચ આ સંસારનું અસ્તિત્વ જ ન હોત, પરંતુ એવું બન્યું નથી અને બનવાનું નથી. સંસારમાં દુઃખ અનન્તકાળ પહેલાં પણ હતું અને આજે પણ એવું જ છે, અને ભાવિમાં અનન્ત કાળ પછી પણ દુઃખ એવુંને એવું જ રહેશે, અને જ્યાં સૂધી દુઃખ રહેશે ત્યાં સૂધી સંસાર રહેશે અને જ્યાં સુધી સંસાર રહેશે ત્યાં સુધી દુઃખ પણ અવશ્ય રહેવાનું જ છે સંસાર અને સુખ–દુઃખ પરસ્પર અન્યોન્યાશ્રયિ છે, એકબીજા વિના એકબીજા રહી શકે તેમ નથી. વર્તમાન વિજ્ઞાન લાખ પ્રયત્ન કરે તોપણ સંસારમાંથી દુઃખનો નાશ કરી શકે તેમ નથી. વિજ્ઞાન પણ પાંગળું છે, અસમર્થ છે, અને કદાચ તટસ્થ બુદ્ધિથી વિચારીએ તો વિજ્ઞાને સુખનાં સાધનો વધારે આપ્યાં છે? કે શસ્ત્રસરંજામાદિ વિનાશની સામગ્રી વધારે વિકસાવી છે? વધુ વિકસેલું વિજ્ઞાન કદાચ વિનાશ પણ બહુ મોટા વિશાળ પાયા ઉપર કરે એ પણ નજરે સ્પષ્ટ દેખાય છે. સંસાર શાશ્વત છે, અને સુખ–દુઃખ પણ શાશ્વત છે.

## કાળાનુસારે સુખ–દુઃખ

૨૦ કોડાકોડી સાગરોપમના કાળચક્રમાં (૧૨)-આરાઓ ઉત્સર્પિણી અને અવસર્પિણીના બતાવ્યા છે, તે પણ એક માત્ર સુખ–દુઃખના પ્રમાણના કારણે જ બતાવ્યા છે. કયારે સુખ વધારે હોય છે અને

ક્યારે દુઃખ વધારે હોય છે ? એની અવધિની સમાપ્તિ અને શરૂઆતના હિસાબે કાળચક્રના આરાઓની વ્યવસ્થા છે, માટે જ ૬ આરાનાં નામો આ પ્રમાણે છે : (૧) સુષમ–સુષમ, (૨) સુષમ, (૩) સુષમ–દુષમ, (૪) દુષમ–સુષમ, (૫) દુષમ, (૬) દુષમ–દુષમ, અર્થાત્ પહેલામાં સુખ + સુખ, (૨) બીજામાં એકલું સુખ. પહેલામાં સુખ ડબલ હતું પણ બીજામાં સુખનો અર્ધો ભાગ ઘટયો. ત્રીજામાં સુખની સાથે દુઃખનું પ્રમાણ પણ અસ્તિત્વમાં આવ્યું, અને સુખ ૭૦% તો દુઃખ ૩૦% રહ્યું. (૪) ચોથામાં દુખ ૭૦% અને સુખ ૩૦% એમ ઊલટુ થયું, અને પાંચમાંમાં દુઃખનું પ્રમાણ ઘણું વધારે છે, સુખ તો આભાસ પૂરતો નામ માત્ર જ રહ્યું. અને છઠ્ઠા આરામાં આવતા દુઃખનું પ્રમાણ ડબલ વધ્યું. એકલું દુઃખ જ દુઃખ આ પ્રમાણે સ્પષ્ટ દેખાઈ આવે છે કે સંસારમાં સુખ–દુઃખની સંતાકુકડીની રમત કેવી છે ? અને છતાં પણ જીવો એક માત્ર સુખની આશામાં જીવે છે. પરન્તુ જ્ઞાની ભગવંતો કહે છે કે સંસારમાં સુખની આશા રાખવી અર્થાત પાણી વળોવીને માખણ મેળવવાની આશા રાખવા જેવું છે. નિરર્થક અને વ્યર્થ છે. દુઃખના ભરેલા સંસારના ખાડામાં તો જે પડશે તે દુઃખી જ થશે. એક પડેલો દુઃખી થયો એટલે એ પોતે સુખી થવા માટે બીજાને પાડવા પ્રયત્ન કરે છે કે આને મારા દુઃખમાં પાડું તો હું કદાચ આ દુઃખમાંથી છૂટી શકું. પરન્તુ સંસારની આવી આશાઓ નિરર્થક નિવડે છે. હા, બીજાને તો દુઃખમાં પાડીએ છીએ છતા પહેલો પડેલો સુખી થતો નથી... માટે આખો સંસાર અને સંસારના જીવમાત્ર આ દુઃખના ખાડામાં ભારે દુઃખી છે. માટે જ જ્ઞાની ભગવંતોએ સુખને અને સુખનાં સાધનોને તેમ જ સુખની આશાવાળા સંસારને વહેલી તકે છોડવાનું કહ્યું છે.... સંસાર છોડવા માટે પ્રથમ સુખનાં સાધનો, સંસારના સુખની આશા પણ છોડવાનું કહ્યું છે. સંસારમાં અને સંસારના સુખ-સાધનોમાં સહેજ પણ તૃષ્ણા રાખવા જેવી નથી. એ ઠગારી નિવડશે. બન્ને છોડવામાં જ જીવનું હિત છે.

**દુઃખ અને દયા**—સંસારમાં બધા જ દુઃખી છે તો કોને કોના ઉપર

દયા આવશે ? દુઃખ છે તો દયા પણ છે, અને દુઃખના કારણે દયા છે ? પરન્તુ આ પ્રશ્ન બહુ વિકટ છે. જ્યારે બધા જ જીવો દુઃખી છે તો કોણ બીજા ઉપર દયા ચિંતવશે ? અને દુઃખી જ જો બિચારો દયા ચિંતવશે તો એની દયાનો શું અર્થ ? એ દયા ચિંતવીને પણ શું કરી શકશે ? માટે જો સમસ્ત સંસારની દયા ચિંતવનારો કોઇ સમર્થ શકિતમાન હોય તો જ એની ચિંતવેલી દયા સાર્થક લેખાશે.

માટે સમર્થ પુરુષે દયા ચિંતવેલી ઉપયોગી અને એવા વિશાળ અને વ્યાપક સંસારનાં વ્યાપક દુઃખોની દયા ચિંતવનારો જ એટલો વ્યાપક અને વિશાળ મહાન બની શકે છે. માટે જે તીર્થંકરની મહાનતા છે તે જીવમાત્ર ઉપર–સર્વ જીવો ઉપર દયા ચિંતવી છે એના જ કારણે છે એટલા જ માટે સંસારના ત્રસ્ત જીવોની દયા ચિંતવવાથી જ સંસારના સર્વ શ્રેષ્ઠ મહાન દયાળુ તીર્થંકર બની શકાય છે, અને આવા બનેલા તીર્થંકરો જ જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવામાં સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે. જગતના સર્વ જીવો ને તારવા યોગ્ય ઉપદેશ આપી શકે છે. પરન્તુ જે જીવો બીજા ઉપર પણ દયા નથી ચિંતવી શકતા તે જીવો પોતા ઉપર પણ દયા નથી ચિંતવી શકતા. દયા ચિંતવવી એ નાની સૂની વાત નથી. આ જ દયાને આપણે કરુણા કહીએ
વૃત્તિ–દયા ચિંતનને જ કરુણા ભાવના કહેવાય છે.

## परदुःखविनाशिनि तथा करुणा—

કરુણા ભાવનાનું સ્વરૂપ જણાવતા મહાપુરુષોએ એને દુઃખ વિનાશિનિ ભાવના કહી છે. સર્વને સુખની પ્રાપ્તિ થાઓ એવી ભાવનાને પ્રમોદ ભાવનાની અંતર્ગત પણ સમાવી શકાય છે. પરન્તુ આ ભાવનાનું હૈયું કોમળ છે. હૈયું કુણું છે. એ બીજાનું દુઃખ જોઈ નથી શકતો. પ્રમોદ ભાવના બીજાનું સુખ જોઈ શકે છે. ઈર્ષ્યા, દ્વેષ, મત્સર વૃત્તિવાળો બીજાનું સુખ જોઈ નથી શકતો. એટલે ઈર્ષ્યા–દ્વેષ એ ભાવના યોગના દુશ્મન છે. એ ભાવના ભાવવા દે તેમ નથી. જ્યારે ક્રુરતા, કઠોરતા, હિંસકપણું, ઘાતકીવૃત્તિ, નિર્દયતા, નિષ્ઠુરતા

વગેરે કરુણા ભાવનાના શત્રુ છે. એ આ ભાવના ભાવવા દે તેમ નથી. માટે કરૂણાભાવનાનો આશ્રય લઈને આ ક્રૂરતા, નિર્દયતા વગેરે શત્રુઓને કાઢી મૂકવા જોઈએ. બન્ને એક બીજાના શત્રુ હોવા છતાં ભાવના યોગ એ સહજ યોગ છે. એ આત્માના ગુણ તરીકે છે. કરૂણા એ આત્માનો ગુણ છે. સહજપણે આત્મામાં આશ્રય કરનારી છે. જ્યારે હિંસકપણું ક્રૂરતા, કઠોરતા, નિર્દયતા વગેરે વૈભાવિક છે. ગુણ નથી દુર્ગુણ છે. ગુણ સ્વાભાવિક હોય છે જ્યારે દુર્ગુણ કે દોષો વૈભાવિક હોય છે. એ બહારથી આવે છે જયારે જીવો પ્રત્યેની દયા–કરુણા ખલાસ થઈ જાય છે ત્યારે જ હિંસકપણું, ક્રૂરતા, નિર્દયતા વગેરે દુર્ગુણો દાખલ થાય છે. માટે સાધકે સદાય કરુણામાં રહેવા પ્રયત્ન કરવો. માટે ભાવનાને એક મહાન યોગ પણ કહ્યો છે. ભાવનાના ચિન્તનથી, ભાવના ભાવવાથી નિર્માણ થયેલ યોગ એ ભાવનાયોગ સતત કરુણા ભાવનામાં ભિંજાયેલા રહેવાથી આપણું જીવમાત્ર પ્રત્યે સમભાવ રહે છે. જીવમાત્ર પ્રત્યે પૂજ્યભાવ જગાડનાર, સમભાવ, તુલ્યભાવ જગાડનાર આ કરુણા ભાવના જ છે.

## આત્મવત્ સર્વભૂતેષુ કરુણાભાવના—

મારા આત્મા જેવો જ બધાનો આત્મા છે. માટે કોઈની પણ હિંસા ન કરું. એ કરુણા ભાવનાનો ઉપદેશમંત્ર છે. "**मा हिंस्यात् सर्व भूतानि**" આ કરુણા ભાવનાનો બીજ મંત્ર છે. કરુણા એ અહિંસક દયાળુ આત્માનો અંતરનો ઝરો છે. જે કાયમ સતત વહેતો ઝરો છે. એ દયારૂપી ઝરો કયારેય સુકાવો ન જોઈએ. તે માટે મહાપુરુષે સતત દયાધર્મ પાળવો જોઈએ. જેવો મારો આત્મા છે એવો જ બધાનો આત્મા છે. મારા જીવમાં અને બીજાના જીવત્વમાં ખરેખર કોઈ ફેરફાર નથી. મારા જેવો જ બીજાનો આત્મા અને બીજા જેવો મારો આત્મા છે. એ દષ્ટિ કરૂણા ભાવના જગાડે છે.

**सव्वेजीवावि इच्छन्ति जीविउं, न मरिज्जीउम् ।**
**तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंतिणं ॥**

શ્રી દશવૈકાલિક આગમમાં જણાવ્યું કે સર્વ જીવમાત્ર સુખને ઇચ્છે છે, કોઈ પણ દુઃખને ઇચ્છતું નથી. સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઈ મરવા ઇચ્છતુ નથી. મરવુ કોઈને ગમતું નથી. કારણ મરણમાં ઘણું દુઃખ છે અને જીવનમાં જીવોએ સુખ માન્યું છે. તેથી કરીને હે જીવો કોઈને પણ મારશો નહીં તેથી જ નિર્ગ્રન્થ સાધુઓ પ્રાણિવધનું ઘોરપાપ કરતા નથી.

## જીવદયા અને કરુણા ભાવના :

દયા અને કરુણા આ બન્ને શબ્દો એક જ નથી. માટીને ઘડો નથી કહેવાતો અને ઘડાને માટી નથી કહેતા. ભલે બન્ને ઠેકાણે પ્રત્યક્ષ-પણે દેખાય છે તો માટી જ છતાં પણ એક સ્થાને માત્ર માટી જ છે. કોઈ આકાર વિશેષ નથી, અને બીજા સ્થાને માટી નથી પણ માટીનો પિણ્ડ છે, આકાર છે. આકાર વિશેષ હોવાના કારણે એને ઘડો કહ્યો છે. એ જ પ્રમાણે વિચાર કરીએ તો સ્પષ્ટ દેખાશે કે કરૂણા એ માટીના સ્થાને છે અને દયા એ ઘડાના સ્થાને છે. મૂળમાં તો માટી જ પડી છે. પરન્તુ કારણમાંથી જયારે કાર્ય આકાર લે છે. ત્યારે કાર્ય પંકાય છે. પછી કારણ ભુલાઈ જાય છે. નથી પણ દેખાતો એ જ ભાવ ને સ્પષ્ટ કરીએ તો દયા અને કરૂણા એ બન્ને શબ્દોમાં પણ કાર્ય–કારણ ભાવ સંબંધ છે. કરુણા એ કારણ છે અને દયા એ એમાંથી જન્મેલું કાર્ય છે. અને આ બન્નેમાં વ્યાપ્ય–વ્યાપક ભાવના સંબંધ સાથે વ્યાપ્તિ જોઈએ તો જણાશે કે–

જ્યાં જ્યાં માટી હોય ત્યાં ત્યાં ઘડો હોય ? કે જ્યાં જ્યાં ઘડો હોય ત્યાં ત્યાં માટી હોય ? જ્યાં જ્યાં કરુણા હોય ત્યાં ત્યાં દયા હોય ? કે જ્યાં જ્યાં દયા હોય ત્યાં ત્યાં કરુણા હોય ? ઉત્તર બહુ જ સ્પષ્ટ છે કે જ્યાં ઘડો હોય ત્યાં માટી ચોકકસ હોય, પરન્તુ જ્યાં માટી હોય ત્યાં ઘડો હોય કે ન પણ હોય. જેમ ધૂમાડો હોય ત્યાં અગ્નિ ચોક્કસ હોય પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો ન પણ હોય. તે જ પ્રમાણે જ્યાં દયા હોય ત્યાં તો કરુણા ચોકકસ હોય છે. પરન્તુ જ્યાં કરુણા હોય છતા

કદાચ દયા ન પણ હોય. માતા પુત્રને સુધારવા માટે કદાચ મારતી પણ હોય એ વખતે જોનારને લાગે કે અરેરે ! આ માતામાં તો દયા જ નથી. પણ હા ! આવા સમયે દયા કદાચ નહીં પણ દેખાય પરંતુ એમ તો નહીંજ કહેવાય કે માના હૈયામાં કરુણા નથી. જે માતા હોય તે ડાકણ, રાક્ષસી ક્રૂર ન હોય, અને જે ડાકણ, રાક્ષસી કે ક્રૂર હોય તે માતા ન હોય. માટે જ જગતમાં માતાનું મહત્ત્વ છે. અને તે પણ માત્ર દયા-કરુણાના કારણે.

માટે દયા અને કરુણાની વચ્ચે કાર્ય–કારણ ભાવ સંબંધ છે. વ્યાપ્ય–વ્યાપક ભાવ તથા જન્ય-જનકભાવ સંબંધ છે. માનવીના જીવનમાં જો આ બન્ને આવી જાય તો માનવ એક દિવસ મહામાનવ બની શકે છે.

## દયા ધર્મકા મૂળ હૈ :

પાર્શ્વકુમાર ઘોડા ઉપર બેસીને નગરલોકોની સાથે નગર બહાર આવેલા કમઠ તાપસને જોવા નિકળ્યા. કમઠ તાપસ પંચાગ્નિ તપ કરી રહ્યો હતો. લાકડાનો ઢગલો કરીને ધૂણી ધખાવીને મંત્રજાપ કરી લોકોને આશીર્વાદ આપતો હતો. એવા સમયે પાર્શ્વકુમારે એક સૈનિક ને આજ્ઞા કરી અગ્નિમાં બળતો એક કાષ્ઠ કઢાવ્યો. અને કાષ્ઠ ચીરાવી તેમાંથી બળતો સાંપ કઢાવ્યો. સાંપ અર્ધદગ્ધ અવસ્થામાં હતો. અર્ધો બળી ગયો હતો. પાર્શ્વ કુમારે સૈનિકને આજ્ઞા કરી નવકાર સંભળાવ્યો અને સાંપ મરી સ્વર્ગે ગયો નાગરાજ ધરણેન્દ્ર થયો.

આ પ્રસંગ જોઈ દસ ભવનો વૈરી કમઠ ક્રોધે ભરાયો. પાર્શ્વકુમારે કહ્યું હે કમઠ ! સર્વ પ્રથમ તો ધર્મમાં "દયા" હોવી જરૂરી છે. "દયા ધરમ કા મૂળ હૈ" દયા જો પાયામાં ન હોય તો તેને ધર્મ કહેવાય કેવી રીતે ? માટે તાપસ ! દયા વિનાના ધર્મની શી કિંમત ? ત્યાં તો તાપસ ક્રોધે ભરાયો અને બોલ્યો હે રાજકુમાર !

તમે તો રાજકુલમાં જન્મેલા રાજકુમાર છો ? ઘોડા દોડાવવા અને આખેટ ક્રિડા વગેરે કરવી એ તમને આવડે ધર્મનું મૂળ વગેરે તો તમે શું જાણો ? માટે તમે આ વિષયમાં ન પડો એમ ખીજાયેલો કમઠ તાપસ પૂર્વ જન્મોના વૈરના સંસ્કારના કારણે કષાય વૃત્તિમાં મૃત્યુ પામી મેઘ માળી વ્યંતર થઈને પ્રભુને દીક્ષામાં ઉપસર્ગ કરવા આવ્યો. પરંતુ એ વખતે તો દયા ધર્મનો જ જય થયો. સર્વ લોકોએ દયા ધર્મની જ પ્રશંસા કરી.

એક તિર્યંચ ગતિના પશુ એવા સાંપને પ્રભુએ કયારે બચાવ્યો ? અપાર કરૂણા ભાવનાના કારણે જ.

શ્રી વીર પ્રભુએ પણ ચંડકૌશિકને અપાર કરૂણા ભાવથી ઉગાર્યો. એ આત્માને પ્રતિબોધી એના આત્માને જાગૃત કર્યો. એક નાના પશુ પ્રત્યે અને તેમાં પણ મહાહિંસક પ્રાણીને ઉગારીને પરમાત્મા મહાવીર દેવે કેટલા જીવોનું રક્ષણ કર્યું ? એક ને બચાવવાથી કેટલા બચ્યા ? જે સ્વયં કરૂણામૂર્તિ છે તે જગતના તમામ જીવો ઉપર અપાર કરૂણા વરસાવતા જ રહે છે.

**कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः ।**
**ईषद् बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिननेत्रयो : ॥**

પ્રસંગ એવો છે કે ઉપસર્ગો કરીને જ્યારે સંગમ જઈ રહ્યો હતો ત્યારે સંગમને જોઈને શ્રી વીર પ્રભુની આંખો ભીનિ થઈ ગઈ હતી. જેમ તપેલાની વરાળ ઢાકણા ઉપર છવાઈ જાય છે તેમ હૈયાની અપાર કરૂણા પ્રભુની આંખોમાં આવીને ભરાઈ ગઈ. અને એક અપરાધ કરેલા ઉપર પણ આવી અપાર કરૂણા પ્રભુએ વરસાવી. કૃપા કરીને તારવાના સ્વભાવવાળા પ્રભુની કરૂણા કેવી અદ્દભૂત હશે ?

હૈયે હોય તે હોઠે આવે. એ નિયમ પ્રમાણે કરૂણા જો હૈયે હોય

તો હોઠે દયાની વૃત્તિ દયાની ભાષા અને દયાના ભાવ પ્રગટયા વિના રહેતા નથી.

અભ્રક ને અથવા પીપર કે સુવર્ણને ઘૂંટતા ઘૂંટતા કેટલાય પ્રહરો સુધી ઘૂંટવામાં આવે ત્યારે તેની કિંમત અને શક્તિ વધે છે. ૧૦ રૂપિયાનો અભ્રક હજાર વાર ઘૂંટાય ત્યારે સહસ્રપુટી થયેલ અભ્રક ભસ્મની કિંમત સેંકડો રૂપિયા ઉપર પહોંચી જાય છે. સુવર્ણ પણ દિવસો અને મહિના સુધી ઘૂંટાયા પછી સુવર્ણ ભસ્મ બની જાય છે. ત્યારે એની શક્તિ સાથે કિંમત પણ ઘણી વધે છે. એ જ પ્રમાણે કરૂણા પણ ઘૂંટાય ત્યારે મહાન બને છે. ભસ્મને ઘૂંટવા માટે જેમ ખરલ વગેરે જોઈએ છે અને એટલું જ નહીં ઘૂંટાયા પછી ભસ્મને ભાવના આપવી પડે છે. કોઈને ત્રિફળાની, કોઈને લીંબુના રસની એમ ભિન્ન ભિન્ન ઔષધિઓની, વનસ્પતિના રસની ભાવના આપવામાં આવે છે. જેમ જેમ ભાવના આપવામાં આવે છે તેમ તેમ ઔષધિની ગુણવત્તા અને મહત્તા વધે છે. એવો આયુર્વેદ શાસ્ત્રનો નિયમ છે.

એજ પ્રમાણે ભાવનાયોગનો પણ એવો જ નિયમ છે. "**भवितुः भवनानुकूल भावक व्यापारः भावना**" ન્યાયશાસ્ત્રકારે ભાવનાનું લક્ષણ કરતા કહ્યું કે ભાવના ભાવનારનો ભાવનાનુકૂળ વ્યાપાર અર્થાત પ્રવૃત્તિ વિશેષને જ ભાવના કહેવામાં આવે છે. ભાવનાઓ પણ ભાવવી પડે છે. માત્ર એક વાર બોલી ગયા એટલે ભાવના પતી ગઈ એવું નથી. વારંવાર ભાવના ભાવવી પડે છે. પછી તે મૈત્રી ભાવના હોય કે કરૂણા ભાવના હોય અથવા અનિત્ય હોય કે અશરણ હોય. ગમે તે ભાવના ભાવ્યા વિના તો ચાલે જ નહીં. ભસ્મ ઘૂંટાયા પછી એની ગુણવત્તા વધે છે. તેમજ ભાવના પણ ભાવવાથી ભાવનાયોગ બને છે અને ભાવનાયોગ એક મહાન ધ્યાનયોગ બની જાય છે. ધ્યાનયોગથી અનેક કર્મની નિર્જરા થાય છે અને નિર્જરાથી કર્મક્ષય થાય છે. કર્મક્ષયથી આત્મા શુદ્ધ-વિશુદ્ધ થાય છે. સિદ્ધ-બુદ્ધ મુક્ત બને છે. ભાવનાયોગના સામર્થ્યની વાત અદ્ભૂત છે. કરૂણા ભાવના જીવમાત્ર પ્રત્યેની દયાવૃત્તિને જાગૃત કરે છે. સર્વ જીવપ્રત્યે સમભાવ વ્યકત કરે છે.

## ધર્મરૂચિ અણુગારની અપાર દયા

એક શ્રાવિકાએ કડવી તુંબડીનું શાક આખું પાત્ર ભરીને મુનિ મહારાજને વહોરાવી દીધું. આખું તપેલું વઘાર નીતારી નીતારીને શાક વહોરાવી દીધું. છલોછલ ભરાયેલું પાત્ર પોતાની ઝોળીમાં લઈને ધીરેધીરે ચાલતા ચાલતા ઉપાશ્રયે આવ્યા. ગુરુ મહારાજ સમક્ષ આલોચના વિધિ કરવા માટે ઊભા રહ્યા. ગોચરી ગુરુ ભગવંતને દેખાડી અને જોતા જ જ્ઞાની ગુરુભગવંતને આજ્ઞા કરી આ શાક જંગલમાં લઈ જઈ રાખ અને રેતીમાં મેળવીને પરઠવી દો.

એટલા શાકનું પાત્ર ઝોળીમાં ફરી મૂકવા જતા વઘારનું એક ટીપું જમીન ઉપર પડતા જ બાજુમાં આવતી કીડી મરી ગઈ. એ જોઈને ગુરુ ભગવંત તરત સમજી ગયા. શિષ્ય ધર્મરૂચિ મહારાજ એ પાત્ર લઈને ખૂબ સાવધાનીપૂર્વક ચાલતા ચાલતા જંગલમાં પહોંચ્યા અને જ્યાં પરઠવવા માટે તૈયારી કરે છે ત્યાં તો નીતરતા વઘારના એક ટીપાના સ્પર્શ અને ગંધથી એક કીડી મરી ગઈ. આ જોઈને ધર્મરૂચિ મહાત્માએ મનમાં નિર્ણય કર્યો કે આટલું શાક પરઠવીને અનેક જીવોની હત્યાનું નિમિત્ત બનવા કરતા તો બધુ જ ખાઈને મારા એકલાનો જ દેહત્યાગ થાય તે જ વધુ ઉત્તમ છે.

ભયંકર કડવું અને ઝેરી શાક મુનિરાજ હસતા મોઢે ખાવા લાગ્યા. અનેક કીડીયોની કરૂણા જ એ શાક ખાવામાં પ્રેરક કારણ હતી. જેમ જેમ કીડીઓ ઉભરાતી હતી તેમ તેમ મુનિના મનમાં પણ કીડીઓ પ્રત્યેકરૂણા ઉભરાતી હતી. દૂધના ઉભરાની જેમ ઉભરાતી અપાર કરૂણા ભાવનાના યોગે મુનિ મહાત્મા સમતા ભાવમાં રમતા રમતા ભયંકર ઝેરી શાક પણ સંપૂર્ણ ખાઈ ગયા. પાત્ર પણ સાફ કરીને પી ગયા. એક ટીપું પણ ન રહેવા દીધુ કે ન નીચે પડવા દીધું. અહા ! કેટલી જયણાં, કેટલી કરૂણા, અને કેટલો ઉપયોગ !

બે ઘડીમાં તો આંખો ઘેરાવા લાગી, ચક્કર આવવા લાગ્યા. ઝેરની

અસર વધવા લાગી. મહાત્મા સમજી ગયા. અને તરત સાવધાન થઈ ગયા. "અપ્પાણું વોસિરામિ" કરીને ધ્યાન યોગમાં સ્થિર થઈ ગયા. દેહનો ત્યાગ કરીને આત્મ કલ્યાણ સાધી ગયા. આ હતી જીવો પ્રત્યેની અપાર કરૂણા. કેટલી અદ્‌ભુત કરૂણા હતી ! કરૂણા વિના જીવને અન્ય જીવો પ્રત્યે સદ્‌ભાવ, લાગણી કે દયા જાગવી શકય નથી અને દયા વિના ધર્મ નથી, કારણ "દયા ધર્મ કા મૂળ હૈ"...દયા એ તો ધર્મનો મૂળ પાયો છે. દયા વિના ધર્મનું અસ્તિત્વ જ નહીં રહે.

ધર્મી દયાળુ કરૂણાળુ–હોવો જોઈએ અને કરુણાળુ દયાલુ ધર્મી હોવો જોઈએ. બન્ને ભાવોએક બીજાના પૂરક અન્યોન્ય છે. જો ધર્મી હોય પણ દયાળુ, કે કરૂણાળુ નહીં હોય તો તેનો ધર્મ ટકવાનો નથી. ધર્મભાવ જ નહીં રહે. અને જો ધર્મ જ નહીં હોય તો કરૂણા કયાંથી રહેવાની ?

## કરૂણા ભાવના અને સુખ

જીવમાત્રને સુખ ગમે છે. સુખ જોઈએ છે. સુખપ્રાપ્તિની ઈચ્છા તો મૂળભૂત જીવમાત્રમાં પડેલી જ છે. માનવી સુખપ્રાપ્તિની ઈચ્છા રાખે એ ખોટું નથી. હું સુખી થાઉં એટલી ઈચ્છા રાખે ત્યાં સુધી કંઈ જ ખોટું નથી પરંતુ હું બીજાના ભોગે સુખી થાઉં, બીજાને દુઃખી કરીને પણ સુખી થાઉં. એ ભાવના કે એવી વૃત્તિ બહુ જ ખરાબ છે. કયારેય પણ બીજા કોઈ પણ નાના–મોટા જીવને દુઃખી કરીને પોતે સુખી થવાનો વિચાર માત્ર પણ ન કરવો. ચોરી કરીને દાન કરવાનું, કે ધાડ પાડીને લૂટફાટ કરીને મંદિર બંધાવવાનું કે દાન–પુણ્ય કરવાનું ભગવાને નથી શિખવાડયું.

બીજાને દુઃખ આપીને સુખ મેળવવાની ઘેલછા મહા નુકસાનકારક છે. એ સુખ કયારેય ટકતું નથી. એ થોડાક દિવસોમાં દુઃખમાં પરિણમી જશે. જે દુઃખ બીજાને આપ્યું છે ચોક્કસ તે કાળાન્તરે પોતાના માથે આવવાનો જ છે એમ કર્મનો સિદ્ધાંત સમજીને ચાલવું જ હિતાવહ છે.

બીજાને દુઃખ આપીને તેના ભોગે હું સુખી થાઉં એ વૃત્તિ મહાપાપ છે. જ્યારે મારા ભોગે, હું દુઃખી થઈને પણ બીજાને સુખી કરૂં એ મહાન ધર્મ છે. ચોક્કસ સુખ આપવાથી સુખ મળે છે તેમ જ દુઃખ આપવાથી દુઃખ મળે છે પરંતુ આજે આ પ્રવૃત્તિ–વૃત્તિ જીવોમાં ભાગ્યે જ દેખાય છે કોઈ વીરલા આત્માઓ આ સિદ્ધાંતને અનુસરતા હશે.

હું મારા ભોગે બીજાને સુખ આપું એજ પરોપકાર ધર્મ છે પરોપકાર કરનારો સ્વઉપકાર પણ કરે જ છે. બન્ને શબ્દોમાં ઉપકાર શબ્દ સરખો જ છે. ફરક માત્ર સ્વ અને પરનો છે. "**परहितनिरता भवन्तु भूतगणाः**"— આ પ્રમોદ ભાવનાના વિષયમાં જો એમ ચિંતવીએ કે સર્વજીવો પરહિત કરવામાં રત થઈ જાઓ. તત્પર બની જાઓ. બધા જીવો જો પરોપકારી બની જાય તો કેટલું સારું ? આ ભાવના ભાવવી સહેલી છે પરંતુ ભાવના પ્રમાણે આચરણ કરવું બહુ જ મુશ્કેલ છે.

**કરૂણા અને ઇશ્વર**

Oh ! God. Thou name is mercy.
Oh ! God. Thou are mercyfull.

હે ઈશ્વર ! તારૂં નામ જ દયા છે. હે ઈશ્વર ! તું કરૂણાલુ છે દયાળુ છે. કરૂણામૂર્તિ, કરૂણાસાગર, કરૂણાના ભંડાર વગેરે વિશેષણો આપણે ઈશ્વર કે પરમાત્મા માટે વાપરીએ છીએ અને બીજી બાજુ ઈશ્વરને જગતનો રચયિતા, કર્તા અને હર્તા કહેવો એ કેટલુ હાસ્યાસ્પદ છે. ઈશ્વર જ્યારે કરૂણાભાવથી ભરેલો છે અને માનો કે તે સષ્ટિની રચના કરે છે તો ઈશ્વરની રચેલી સષ્ટિમાં વિચિત્રતા, વિષમતા અને વિવિધતા શા માટે દેખાય છે ? એક સુખી અને બીજો દુઃખી, એક રાજા અને બીજો રંક, એક અમીર અને બીજો ગરીબ, એક ઉચ્ચ અને બીજો નીચ શા માટે દેખાય છે ? આવી તો અનેક પ્રકારની વિષમતા સંસારમાં નજરે દેખાય છે. અરે ! એક જડ મશીનની

ડાઈમાંથી ૧ લાખ ગ્લાસ પણ એક સરખા નિકળે છે તો પછી કરૂણાળુ—દયાળુ ઈશ્વરની બનાવેલી સૃષ્ટિ એકસરખી કેમ નથી દેખાતી ? માટે ઈશ્વરને જગતનો કર્તા માનવા કરતા કર્મજન્ય આ સંસાર છે. કર્મજન્ય આ જીવો સુખ–દુઃખ પામે છે. અને કર્મ ઈશ્વરે કરેલા નથી. દરેક જીવે પોતે કરેલા શુભ અને અશુભ કર્મો પ્રમાણે તેને સુખ–દુઃખ, સદગતિ કે દુર્ગતિ કર્મો પ્રમાણે મળે જ છે. માટે ઈશ્વરને વચ્ચે લાવવાની કોઈ આવશ્યકતા જ નથી, અને કર્મ તો જડ છે જીવે પોતે શુભાશુભ બાંધેલા છે. માટે તેને દયાળુ કે કરુણાલું કહેવાની કોઈ આવશ્યકતા જ નથી. આમ દયાળુ કહીને ઈશ્વરને વિષમ સૃષ્ટનો કર્તા માનીને ઈશ્વરનો મશ્કરી કરવાની મોટી ભૂલ કરવા જેવી નથી. દયા અને કરુણા હોય ત્યાં વિષમતા, વિવિધતા કે વિચિત્રતા નથી દેખાતી. સર્વ જીવ માત્ર ઉપર સમાન ભાવે એકસરખી કરૂણા વરસાવે તે ઈશ્વર, તે જ પરમાત્મા.

## પરમાર્હત કુમારપાલની કરૂણાભાવના

ગરવી ગુજરાતનો સૂત્રધાર અને ઘડવૈયો અગિયારમી સદીનો બેતાજ બાદશાહ મહારાજા કુમારપાળે કલિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજ પાસેથી જૈન ધર્મ સમજીને પ્રતિબોધ પામી આદર્શ જૈન બન્યા હતા. ક્ષત્રિયવંશનો રાજવી અહિંસક પરમાર્હત બન્યા હતા. અહિંસા કયારેય દયા–કરૂણા વિના ટકતી જ નથી. ચીન–આફ્રિકા જેવા દેશોમાંથી જ્યાં દયા-કરૂણા ભાવના નષ્ટ થતી જાય છે ત્યાં હિંસાનું પ્રમાણ વધતુ જાય છે અને સાંભળવા પ્રમાણે માનવમાંસના ભક્ષક પણ બનતા જાય છે. દયા–કરૂણા જતા એનું સ્થાન હિંસક અને ક્રૂરતા લેતી જાય છે. પરિણામે હિંસાનું તાંડવ આજે ચારે બાજુ વધતુ જાય છે. એકબીજા પ્રત્યે વૈમનસ્ય વધતું જાય છે. દ્વેષના કારણે વૈરવૃત્તિ વધે છે અને એકબીજાનો નાશ કરવાની ભાવના જગાડે છે. પરિણામે ઘાતક–વિનાશક શસ્ત્રોનું પ્રમાણ વધતું જાય છે આજની આ શસ્ત્રદોટ નિર્દયતા, હિંસકવૃત્તિ અને ક્રૂરતાનું પરિણામ છે. નિષ્ઠુરતા અને ક્રૂરતા, દયા–

કરૂણાનું વાતાવરણ નથી સર્જી શકતી. જીવ માત્ર પ્રત્યે કરૂણા અને દયા જાગે, તેનાથી જો જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવના જાગે તો કોઈને મારવાની નિર્દયતા કે ક્રૂરતા જ નહીં આવે. માટે જગતમાં વિશ્વશાંતિ તો મૈત્રી-કરૂણા જેવી ભાવના જ લાવી શકશે.

પરમાર્હત કુમારપાળ રાજાના પગ ઉપર બેઠેલી લાલ કીડી પોતાના કાંટા ચામડીમાં ફસાવીને લોહી ચાટવામાં મસ્ત છે. એવી વેદનાનો અનુભવ તો ઘણાંને હોય છે. હવે એ કીડીને છોડાવવી કેવી રીતે ? કીડીનું શરીર બહુ જ નાનું છે અને નખ વડે પકડીને ખેંચવા જતા કીડીના શરીરના બે ટુકડા થવાની પણ સંભાવના છે અને કુમારપાળ આવું પાપ કરવાની વિચારણાવાળો નથી. જેવો મને મારો જીવ વહાલો છે એવો જ બધાને પોતપોતાનો જીવ વહાલો છે એક કીડી ન મરે એ માટે રાજા કુમારપાળભૂપાળે ચપ્પુથી પોતાની એટલી ચામડી જ કાપી કાઢી અને દૂર છાયામાં મૂકી દીધી. કીડી પણ બચી ગઈ અને કીડીને પોતાનો આહાર પણ મળી ગયો બે ટીપાં લોહીમાં માનવીની કાયામાંથી કઈ ઓછું નથી થઈ જતું. આજે માનવ જ્યાં ૧-૨ બાટલી લોહી દાનમાં આપી દે છે તો શું તે ૧-૨ ટીપાં લોહી કીડી કે મચ્છર માટે દાન ન કરી શકે ? તો શું માણસ પ્રત્યે જ દયા-કરુણા રાખવી ? અને કીડી-મચ્છર માટે ન રાખવી ? શું એમાં જીવ નથી ? બન્નેમાં જીવ સરખા જ છે. માણસ મરીને તેનો આત્મા કીડી-મચ્છરની ગતિમાં જન્મી શકે છે અને કીડી-મચ્છરનો જીવ ફરતો-ફરતો માણસ પણ થઈ શકે છે. શરીરનું નાના-મોટાપણું કંઈ જ મહત્ત્વનું નથી. તે તો જીવના કર્માનુસારે મળે છે, અને આત્મા પોતાના સંકોચ-વિકાસશીલ સ્વભાવના કારણે નાના-મોટા કીડી-માણસ-હાથી જેવા શરીરોમાં રહી શકે છે. જેમ પ્રકાશનો ગોળો જેમ નાના ડબ્બામાં, નાની રૂમમાં અને પછી મોટા હોલમાં રહી શકે છે અને જેટલી જગ્યા તેટલો પ્રકાશ પાથરીને રહે છે. તે જ પ્રમાણે આત્મા સંકોચ-વિકાસ ગુણના કારણે નાના-મોટા શરીરમાં રહી શકે છે. માટે કરુણા ભાવનાની દૃષ્ટિમાં નાના-મોટા બધા જ જીવો સમભાવે છે. અવધ્ય છે.

મનઃપ્રસાદ અર્થાત્ માનસિક સુખ, સંસારમાં કેટલાક જીવો દેહ-સુખથી સુખી છે અને કેટલાક માનસિક સુખથી પણ સુખી છે. કેટલાક બન્ને રીતે સુખી છે અને કેટલાક બન્ને રીતે દુઃખી પણ છે. કેટલાક માનસિક રીતે દુઃખી અને દેહસુખે સુખી છે, તો કેટલાક માનસિક રીતે સુખી છે અને દેહરોગે દુઃખી છે. આ રીતે જ્યાં સુખ–દુઃખ છે ત્યાં સંસાર છે અને સંસાર છે ત્યાં સુખ–દુઃખ રહેવાના જ છે. જ્યાં સંસાર નથી અર્થાત્ મોક્ષ છે ત્યાં સંસારનાં સુખ–દુઃખો પણ નથી. અનન્ત સુખ જ સુખ છે. સચ્ચિદાનન્દ–આનન્દ છે.

ભૂત એટલે જીવ. "ભૂત–ગણાઃ" અર્થાત્ સર્વજીવો અને "ભૂતદયા" અર્થાત્ પ્રાણીઓ ઉપર દયા. કરુણાભાવનાના સાધકના હૈયે દયા–કરુણા વસી હોય તો એના માટે તો સર્વજીવ પ્રત્યે સમભાવ હોવો જોઈએ. સર્વ જીવો ઉપર એકસરખી કરુણા–દયા રાખવી જોઈએ. "**मा हण, मा हण**", "**मा हिंस्याव् सर्वभूतानि्**"— શ્રીમહાવીરસ્વામીએ આ ઉપદેશ વડે કોઈ પણ જીવને મારશો નહીં એમ કહ્યું છે. આ જ અહિંસા ધર્મ છે. જીવોને ન મારવા માટે જ દયા–કરુણા ભાવના બતાવી છે. દયા–કરુણા જીવને જીવ સરખા જ જુએ છે, અર્થાત્ મારા જેવા જ બધા જીવો અને બીજા જેવો હું માટે દુઃખ કે મૃત્યુ જે મને નથી ગમતાં તે દુઃખ હું બીજાને કેમ આપું ? તે મોત હું બીજાનું કેમ નિપજાવું ? અર્થાત્ બીજાને કેમ મારું ?

શ્રીદશવૈકાલિક આગમમાં જણાવ્યું છે કે સર્વે જીવોને જીવવું ગમે છે, કોઈને પણ મરવું નથી ગમતું. તેથી હે નિર્ગ્રન્થ સાધુઓ ! પ્રાણીવધ (જીવહિંસા)નું ઘોર પાપ તું કરીશ નહીં. માટે પ્રાણીવધ-વર્જ્ય છે, હિંસા વર્જ્ય છે. એક જીવને મારવામાં બન્ને પક્ષે મહાદુઃખ છે. મરનાર તો દુઃખ અનુભવે જ છે, અને મારનાર ભારે કર્મ બાંધીને

હિંસાના કારણે નરક જેવી ભયંકર દુઃખદાયિ ગતિમાં જઈને લાખો વર્ષો સુધી અસહ્ય વેદના ભોગવીને દુઃખી-દુઃખી થવાનો છે. એકનું દુઃખ તાત્કાલિક છે અને બીજાનું દુઃખ કાળાન્તરે છે, પરંતુ બન્ને પક્ષે મહાદુઃખ છે જ્યારે દયા-કરુણામાં બન્ને પક્ષે સુખ છે. બચનાર પણ સુખી અને બચાવનાર પણ સુખી, બન્નેને મહાન આનન્દ થાય છે. મનઃપ્રસાદ અર્થાત્ માનસિક સુખનો અનુભવ થાય છે, અને આવો આનન્દ તો એક કરુણાળુ-દયાળુ જ અનુભવી શકે છે. આ અનુભવ-ગમ્ય છે.

### દ્રવ્ય અને ભાવ કરુણા ભાવના

કરુણા ભાવના અર્થાત્ કરુણાને માત્ર ભાવવા પૂરતી જ રાખવી અને વ્યવહારમાં સક્રિય બનીને કંઈ જ ન કરવું એવી આ ભાવના નથી. હા, જરૂર આ ભાવના છે. એટલે મનોયોગમાં ભાવવી જોઈએ પરંતુ સાથે સાથે દીન-દુઃખી-અનાથને યથાશક્તિ કંઈક આપવું પણ જોઈએ. દુઃખિયાનાં દુઃખ દૂર કરવા યથાશક્ય પ્રયત્ન પણ અવશ્ય કરવા જોઈએ. સાધનસામગ્રી આપીને પણ બીજાનું દુઃખ દુર કરવું જોઈએ કોઈપણ દુઃખી કે ત્રસ્ત આત્માને માત્ર એટલું જ કહેવું કે ભાઈ ! શું કરું તમને ખૂબ દુઃખ આવી પડયું છે. અરે રે ! આટલું બધું દુઃખ શા માટે ? અરે ! આ દુઃખ સારું નથી વગેરે..વગેરે. આવા શબ્દો બોલવા માત્રથી શું સામાવાળાનું દુઃખ દૂર થઈ જશે ? હા ! પ્રથમ તબક્કે માનસિક આશ્વાસન આપવાની ખૂબ જરૂર છે. તે પણ આવશ્યક છે. જગતમાં જીવો અનેક રીતે દુઃખી જોવા મળે છે. સંભવ છે કે કોઈ સુખી-સંપન્ન અને શ્રીમંત માણસ પુત્રના મૃત્યુથી અથવા ચોરી થવાથી દુઃખી છે, ખૂબ ત્રસ્ત છે. તો એવા માણસનું દુઃખ દૂર કરવા કોઈ પણ કરુણા ભાવના નો અધિકારી પુત્ર કે લાખો રૂપિયા આપીને તો એને સુખી કરવાનો નથી. ત્યાં જરૂર આશ્વાસન આપીને સુખી કરવો જોઈએ, પરંતુ સંસારમાં જ્યાં ઘણી વસ્તુઓ આપી પણ શકાય છે, કંઈક કરી પણ

શકાય છે ત્યાં અવશ્ય આપીને કે કરીને પણ કરુણા ભાવનાને ચરિતાર્થ કરવી જોઈએ. તે માટે મહાપુરુષોએ આ કરુણા ભાવનાને બે વિભાગમાં વહેંચી છે : (૧) એક તો દ્રવ્યકરુણાભાવનાં, અને બીજી (૨) ભાવ-કરુણાભાવના. બનતા પ્રયત્ને દીન-દુઃખી કે અનાથ, અસહાય, નિરાધાર કરુણાપાત્રને કંઈ પણ વસ્ત્ર, પાત્ર, અન્ન-પાણી, ધન-દ્રવ્યાદિ આપીને એનું દુઃખ દૂર કરવા પુરૂષાર્થ કરવો, ઘટતું કરવું તે દ્રવ્ય-કરુણાભાવના છે. દુઃખી માણસને આપણે કહીએ કે ભાઈ ! હું તારા માટે કરુણા રાખું છું, મને તારી બહુ જ દયા આવે છે. મને ખૂબ હમદર્દી છે. આટલું કહીને પણ સામાવાળા દુઃખીની જરૂરિયાત પ્રમાણે યથાશક્તિ આપી ન શકીએ-હોવા છતાં ન આપીએ તો આપણી ભાવના કેવી ગણાશે ? સામાવાળા દુઃખીને શું આપણે સાચા દયાળુ લાગશું ?

તો શું સંસારમાં બધા જીવોનું દુઃખ દૂર કરવાનો આપણે ઈજારો લીધો છે ? અને કર્માધીન દુઃખના ઉદયવાળા સર્વ જીવોનું દુઃખ આપણે વળી ક્યાંથી દૂર કરી શકવાના ? કારણ જીવમાત્ર કર્માધીન છે. જેવાં પાપકર્મો એ જીવે ગત જન્મોમાં કર્યાં હશે તેના દારુણ વિપાકોના કારણે આજે મહાદુઃખ ભોગવી રહ્યો છે, તો તેમાં આપણે શું કરી શકવાના ?

આપણે સર્વજીવોનાં બધાં દુઃખો તો ક્યાંથી દૂર કરી શકવાનાં ? ના, શક્ય જ નથી માટે એવા સમયે ભાવકરુણાની ભાવના ભાવવી.

અહીંયાં એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કરુણાભાવના ભાવવાથી ફાયદો-લાભ કોને થવાનો ? ભાવના ભાવનારને લાભ થવાનો કે જેના માટે ભાવના ભાવીએ છીએ તેને લાભ થવાનો ? જો કર્માધીન જગત છે અને તેતે જીવમાત્ર પોતપોતાના ભારે પાપકર્મના કારણે દુઃખી છે તો આપણી ભાવના ભાવવાથી પણ શું થવાનું છે ? એ જીવને શું લાભ ? એનું તો દુઃખ દૂર થાય તેમ નથી તો શા માટે ભાવના ભાવવી ? તો ભાવનાયોગ જ ઊડી જશે.

ના. ભાવના ધર્મ વ્યર્થ કે નિરર્થક નથી. જરૂર ભાવનાયોગ "**स्वान्तः सुखाय**" માટે છે, પોતાના માટે છે. ભાવના ભાવવાથી જેને માટે ભાવીએ છીએ તેને સુખ મળે કે ના મળે પરંતુ આપણા આત્માને તો ખૂબ લાભ છે. આપણી કર્મ નિર્જરા થાય છે, અધ્યવસાયની શુદ્ધિ થાય છે, મનઃશુદ્ધિ થાય છે, વિચારોમાં નિર્મળતા અને પવિત્રતા આવે છે. હૈયું કુણું બને છે, દયાળુ, કરૂણાળુ બને છે. નિર્દયતા–ક્રૂરતા, હિંસકતા ચાલી જાય છે. આ રીતે ભાવનાયોગ અને ભાવયોગની સાધના ભાવના ભાવવામાં અદ્‌ભુત પડી છે.

## ભાવ કરુણાભાવના ( ભાવદયા )

ભાવના ધર્મ અને ભાવના યોગ સર્વ જીવો માટે છે, મનોયોગનો ધર્મ છે. માટે કોઈ પણ જીવ ભાવના ભાવી શકે છે. એક નિર્ધની સાધારણ માણસ પણ ભાવના ભાવી શકે છે, અને મોટો સંપન્ન રાજા, મહારાજા અને ચક્રવર્તી કે ઈન્દ્ર પણ ભાવના ભાવી શકે છે. એક સાધુ–સંત પણ ભાવ કરૂણા-ભાવના ભાવી શકે છે, આવી ભાવ દયા ભાવવાથી તો ભાવદયાનું સ્વરૂપ જણાવતા કહે છે કે

વીશસ્થાનક તપ વિધિએ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ।
જો હોવે મુજ શકિત ઈસી, સવિજીવ કરૂં શાસન રસી;
શુચિરસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા ॥

હે પ્રભુ ! જો મારામાં એવી શક્તિ હોત તો તો હું બધા જીવોને દુઃખમાંથી મુક્ત કરી દઉં. જીવમાત્રને શાસનના અર્થાત્‌ ધર્મના રસિક બનાવી દઉં, કારણ જીવ શા માટે દુ:ખી છે ? ભારે પાપકર્મ કર્યા છે. તે કર્યા કર્મના કારણે દુ:ખી છે, દુ:ખ ભોગવી રહ્યો છે, કર્મ શા માટે કર્યાં ? ભારે અજ્ઞાનતાના કારણે જીવે મોહવશ કર્મ બાંધ્યાં છે. પરંતુ ભવિષ્યમાં ફરીથી આવી અજ્ઞાનતાને વશ થઈને એવા ઘોર પાપકર્મ ન બાંધે અને દુઃખી ન થાય તે માટે સર્વજીવને હું ધર્મી

બનાવી દઉં, ધર્મ સમજાવી દઉં જેથી એ જીવોની અજ્ઞાનતા ટળી જાય અને જ્ઞાનદશા જાગ્રત થઈ જાય. એ માટે શાસનના ( ધર્મના ) રસિક બનાવી દઉં, ધર્મસન્મુખ ( ધર્માભિમુખ ) અને ધર્મરુચિ બનાવી દઉં જેથી એનાં બધાં જ દુઃખો દૂર થઈ જાય અને પરંપરાએ અર્થાંત્ સુખના ધામનો યાત્રી બને. આવી પવિત્ર ભાવનાને ભાવદયા કહી છે. આ એક મહાન પ્રાર્થના છે. કરૂણાથી છલોછલ ભરેલી ભાવના છે સહૃદયી કરૂણાળુ આત્મા જ ભાવના ભાવી શકે છે જેમાં ભાવુક સાધકની પાસે આજે એવી શક્તિ નથી એટલે "જો હોવ મુજ શક્તિ ઇસી", અર્થાત્ "જો મારી પાસે આવી શક્તિ હોય તો..." એ એના અંતરની ભાવના છે, ઉમંગ છે અને એ ભાવના ભાવતા ભાવતા પવિત્ર નિર્મલ અધ્યવસાયમાં વીશસ્થાનક તપ કરતો સાધક તીર્થંકર નામકર્મ બાંધે છે. અર્થાત તીર્થંકર થવાનું મુકરર નક્કી કરે છે અને આગામી ત્રીજા ભવે એ આત્મા અવશ્ય ભાવના પ્રમાણે ભાવેલી શકિત મેળવીને તીર્થંકર પરમાત્મા થાય છે. એક જ ભવ વચ્ચે-દેવ-નરકનો કરીને મનુષ્ય જન્મમાં આવીને તીર્થંકર બને છે. અને જેવી ભાવના ભાવી હતી..તેવું ચરિતાર્થ કરી બતાવે છે.

સર્વજ્ઞતા અને વીતરાગપણું પામીને તીર્થંકર બની ધર્મતીર્થની સ્થાપના કરી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે અને સમવસરણમાં બેસીને જીવોના અજ્ઞાનને નાશ કરવા દેશના દ્વારા ઉપદેશ આપે છે. ઘણાં ભવિ જીવો ઉપદેશ શ્રવણ કરી અજ્ઞાનતા-મોહ ઓછા કરી જ્ઞાનદશા જાગૃત કરી પાપનો ત્યાગ કરે છે, પાપ ન કરવાની પ્રતિજ્ઞા ( પચ્ચક્ખાણ ) કરે છે. વિરતિવંત બની સાધુ કે શ્રાવક બને છે. અને ધર્મમય-આરાધક ભાવ કેળવી જયણા, અહિંસા અને ઉપયોગનો ધર્મ પાળે છે. પરિણામે ખરેખર પાપ ન કરવાથી ઉત્તરોત્તર મહાસુખી બને છે. ઉચ્ચ દેવ અને મનુષ્યગતિ પામે છે. ધર્મ પામે છે. સાચો માર્ગ સમજે છે. અને આરાધે છે. પરંપરાએ કર્મક્ષય કરીને મુક્તિધામમાં અનન્ત સુખ પામીને અનન્તકાળ માટે સંસારને અને સંસારનાં દુઃખોને છેલ્લી વિદાય સાથે સલામ ભરીને સિદ્ધપદે બિરાજમાન થાય છે. સિદ્ધ,

બુદ્ધ, મુક્ત, નિરંજન–નિરાકાર બની જાય છે.

## કરૂણામૂર્તિ મહાવીર—

દુ:ખીજનવત્સલ પરમકરૂણાળુ ભગવાન શ્રીમહાવીર પ્રભુએ સંસારી અવસ્થામાં ગૃહસ્થ વેશે એક વર્ષ સુધી અબજોની સંખ્યામાં સોનામહોરોની વર્ષા વર્ષાવી "વર્ષીદાન" (વાર્ષિક દાન) આપ્યું. ધન–ધાન્ય, વસ્ત્ર, પાત્ર, સોનું, રૂપું, હીરા–મોતી વગેરે લોકોને યથેચ્છ અને અઢળક આપીને દ્રવ્યદયા કરી. લાખો માણસોનાં દુ:ખનાં આંસુ લૂછી સંસાર છોડયો. સર્વસ્વ છોડી દીધું. મહાભિનિષ્ક્રમણ કરી એકાકી આત્મસાધનાના માર્ગે જંગલની કેડીએ નિકળી પડયા. એક દરિદ્ર યાચકની યાચનાથી પોતાના ખભા ઉપરનું એક માત્ર વસ્ત્ર પણ આપી દીધું. અને પોતે ભલે નિર્વસ્ત્ર રહ્યા. આ હતી અપાર કરૂણા, અસીમ દયા જ્યાં વ્યક્તિ પોતાનો વિચાર પણ ન કરતા, પોતા માટે કંઈ પણ ન રાખતા સર્વસ્વ આપી દે છે એ દયા કે કરૂણાને તો આપણે કયા શબ્દોમાં માપી શકીએ ? એ શબ્દાતીત અવક્તવ્ય છે.

## અસીમ કરૂણાથી ચંડકૌશિકનો ઉદ્ધાર—

શ્રી અરવિન્દ મુનિએ હાથીનો ઉદ્ધાર કર્યો અને તે હાથીનો જીવ અર્થાત્ મરૂભૂતિનો આત્મા દશમા ભવે ભગવાન પાર્શ્વનાથ બન્યો. શ્રી મુનિસુવ્રતસ્વામીએ અપાર કરૂણાથી એક અશ્વ (ઘોડા)નો ઉદ્ધાર કર્યો. જેની સાક્ષી અશ્વાવબોધતીર્થ આજે પણ આપી રહ્યો છે.

—લગ્નના માંડવેથી જાન પાછી ફેરવીને નેમકુમારે અનેક અબોલ મુંગા નિરપરાધી પશુઓનો ઉદ્ધાર કર્યો. અને સ્વયં આજીવન આબાળ બ્રહ્મચારી રહ્યા. રાજુલને પણ મુકિત અપાવી અને સ્વયં પણ સદાના માટે મોક્ષે બિરાજમાન થયા.

—એક પારેવા ઉપર અપાર કરૂણા કરી નિરાધાર અસહાયને શરણ આપી તેની રક્ષા કાજે સ્વશરીરનું માંસ કાપીને બાજ પક્ષીને આપ્યું.

અંતે ત્રાજવામાં આખા બેસીને પોતાનું આખું શરીર એક પારેવા જેવા પક્ષીની રક્ષા કાજે સોંપી દીધું. આવી અપાર કરૂણાના સ્વામી મેઘરથ રાજા સોળમાં શાંતિનાથ ભગવાન થયા.

—આરાધકમાંથી વિરાધક થયેલા અને સાધુમાંથી સર્પ બનેલા ચંડકૌશિકના ઉદ્ધારાર્થે શ્રીમહાવીર પ્રભુ પોતાની સાધકાવસ્થામાં કનકખલ આશ્રમે પધાર્યા. ગામના ગોવાળિયાઓએ નમ્ર ભાવે ભવગંતને આ માર્ગે ન જવાની ખૂબ વિનંતિ કરી :

" જાશોમાં પ્રભુ ! પંથ વિકટ છે...
ઝેર ભર્યો એક નાગ નિકટ .. છે"

પરન્તુ કરૂણામૂર્તિ મહાવીર એક એવા જીવને તારવા માટે પધારી રહ્યા હતા કે જે ઘણાંનો ભક્ષક હતો. અરે! જે છ કાય જીવોનો રક્ષક હતો તે આજે બધાનો ભક્ષક બન્યો છે. એકને તારવાથી અનેકોનો ઉદ્ધાર થશે. માટે મહાવીર આવીને આશ્રમમાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા રહ્યા

ચડકૌશિક સર્પે આવીને ભયંકર ડંખ દીધા પરંતુ સમતામૂર્તિ મહાવીર તો ધ્યાનમાં અડગ જ રહ્યા. ત્રીજા ડંખના અંતે મહાવીરના પગના અંગૂઠામાંથી દૂધના જેવા શ્વેત રંગ જેવું સફેદ લોહી જોઈને આશ્ચર્ય પામેલો સર્પ ઠંડો થયો અને મહાવીર પ્રભુએ બુજઝ... બુજઝ......ચંડકૌશિક ! હે ચંડકૌશિક શાન્ત થા...શાન્ત થા...

કરૂણામૂર્તિના સ્નેહાળ અને પ્રેમાળ શબ્દોની જાદુઈ અસરથી ચંડકૌશિક શાન્ત થયો. બસ ઉહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન થયું અને પોતાનો જ પૂર્વ ભવ તાપસ અને સાધુનો દેખાવા માંડયો. શાંત થઈને અર્થાત્ ક્રોધકષાયને ટાળીને દરમાં મોઢું રાખી શરીરને બહાર રાખીને એક જાગ્રત આત્મા આત્મસાધનામાં સ્થિર થયો. ભાવના યોગ અને ધ્યાન યોગ શરૂ થઈ ગયા.

પંદર દિવસની અનશનની તપશ્ચર્યા અને ચાલણી જેવું શરીર

કરતી કીડીઓ ઉપર પણ અપાર કરૂણા ભાવના ચિંતવીને પડખું પણ ન ફેરવતો ચંડકૌશિક ઘણાં કર્મ ઓછા કરી મરીને આઠમા સહસ્રાર સ્વર્ગે ગયો. નરકગામી સર્પ સ્વર્ગગામી બન્યો.

—લાકડામાં બળતા નાગને બહાર કઢાવીને કમઠને દયાધર્મ સમજાવી શ્રીપાર્શ્વ પ્રભુએ સેનિક મુખેથી અર્ધદગ્ધ સર્પને નવકાર સંભળાવી નાગરાજ ધરણેન્દ્ર બનાવ્યો.

કરૂણાના સ્વામી શ્રીપાર્શ્વ અને મહાવીર પરમાત્માની કરૂણા કેટલી અપાર અને અસીમ હશે ! વંદન હો એ વિરલ વિભૂતિને જે કરૂણાના સાગર અને દયાના ભંડાર કહેવાયા.

દુઃખથી ભરેલો આ સંસાર

અને કરૂણાથી ભરેલી ભાવના ......

—સંસાર એ દુખનો દરિયો છે. અને ભાવના એ સુખનો સાગર છે. કરૂણાલુ આત્માજ સંસારના દુઃખોને સારી રીતે સમજી શકે છે. અને કરૂણાલુ દયાળુ આત્માજ સંસારના દુઃખોને ટાળી શકે છે. દીન–દુઃખીના દુખના આંસુને લૂછનાર એકમાત્ર દયાળુ–કરૂણાલુજ છે.

સંસારમાં જીવો અનંતા અને એક એક જીવ આશ્રયિ દુઃખો કેટલા છે ? તો તે પણ અનન્તા છે. અર્થાત સંસાર અનન્ત દુઃખોથી ભરેલો છે. દુઃખોનો કોઈ પારજ નથી, કોઈ એક રીતે દુઃખી છે તો કોઈ બીજી રીતે. બહુ ઓછા જીવો સંસારમાં સુખી છે. અને સુખી પણ પાછા સર્વ રીતે કે સંપૂર્ણપણે સુખી નથી. દુઃખી કરતા કંઈક થોડુ વધારે છે માટે દુઃખીની અપેક્ષાએ એ સુખી ગણાય. પરન્તુ સુખીની અપેક્ષાએ તો મહાદુઃખી ગણાય. કોઈનેં ધન સંપત્તિ ઘણી મળી હોય.... પરન્તુ સંતાનના અભાવે દુઃખી હોય. અને કોઈને સંતતિ ઘણી હોય પરન્તુ સંપત્તિના અભાવે દુઃખી છે. કોઈને ત્યાં

ખાવાનુ નથી અને કોઈને ત્યાં ખાનાર નથી. હકીકત છે કે સંસારમાં પૂર્ણ સુખી કોઈ નથી. તેમાં પણ સંસારનો રાગી તો બિચારો મહાદુઃખી જ્યારે સંસારનો ત્યાગી મહાસુખી છે. સુખ રાગમાં નથી પણ ત્યાગમાં છે. રાગી સુખી નથી પણ ત્યાગી સુખી છે. માટેજ કહ્યુ છે કે ભોગી મટીને ત્યાગી બનો. સંસાર ભોગવવા માટે નથી પણ ત્યાગ કરવા માટે છે. ભોગવનારો તો બિચારો વધુ ને વધુ દુઃખના ખાડામાં ફસાતો જાય છે.

—સંસારમાં કેટલાય અનાથ બાળકો જે માતા-પિતાના અભાવે કે વિયોગે દુઃખી છે. જન્મતા માતાને ગુમાવનાર, કે બાલ્ય વયે માતા-પિતા બન્ને ને ગુમાવનાર કેવા દુઃખને અનુભવતો હશે વિચાર કરો. દુઃખી માત્ર ખરેખર દયાને પાત્ર છે. જ્ઞાનીઓની નજરે આખો સંસાર દયાને પાત્ર છે. સંસારી જીવની દયા તો ચિંતવીએ એટલી ઓછી છે.

—શ્રેણિક રાજાએ અનાથી મુનિને ઘણું કહ્યુ. પ્રલોભનો દેખાડયા હું તારો નાથ થવા તૈયાર છું. તારો મા-બાપ થવા તૈયાર છું... પરન્તુ જ્યાં સગા માતા-પિતા પોતાના થયા નથી. તે પણ રોગ મટાડી શકયા નથી. તો પછી બીજાની વાત તો કયાં કરવી ? સગા માતા-પિતાનો સ્નેહ સંબધ છોડી અને પત્ની ની પ્રીત તોડીને પરમપિતા પરમાત્માનો સાચો માર્ગ પકડયો અને આત્મકલ્યાણ સાધ્યો. સાચા અણગાર એ શાસનના શણગાર બન્યા.

—અનેક વૃદ્ધ માતા-પિતાઓ બિચારા અસહાય નિરાધાર બની ગયા છે. વિલાસી પુત્રો એક પર ઘરની કન્યાને પોતાની બનાવીને તેમાં કામાન્ધ બનીને પોતાના-માતા-પિતાને ઘરમાંથી બહાર કાઢી નાંખ્યા છે. વહુ તો સાસુને ટકવા દે તેમ નથી. અરે રે ! ઘરડે ઘડપણે બિચારા મા-બાપનું શું થશે ? હે કરૂણાલુ આ જીવોનો પણ ઉદ્ધાર કર.

—બિચારી બાળ વિધવા નાની ઉંમરની વિધવા કે જેને હવે હડકાયા કુતરા ની જેમ બન્ને ઘરની ઠોકરજ ખાવાની તેનું શું થશે

સૌભાગ્યથી વંચિત થયેલી વિધવા નિરાધાર–નિસહાય બની ચુકી છે. સમાજમાં ભાર બની ગઈ છે. અરે ! તેના શિયળ અને ચારિત્રની રક્ષા કોણ કરશે ?

અરે ! ભૂખરાંડ ભૂંડી ! કેટલાય માસૂમ બાળકોનો ભોગલેનારી ભૂખને દયાપણ નથી આવતી. હે નિર્દય ભૂખ ! તે કેટલાને રહેંસી નાંખ્યા છે. નાના ભૂલકાઓ અને મૂંગા પશુઓ ને માંની ગોદમાં નહીં પણ ધરતીની ગોદમાં ભૂખ્યા પેટે સમાઈ જવુ પડયું છે. અરે ! દુનિયાની અર્ધી વસતિ એક ટંક પણ પુરતું ખાવા નથી પામતી.

હાશ ! રોગો વડે ઘેરાયેલા બિચારા સેંકડો જીવતાજ કબર ખોદીને તૈયાર બેઠા છે. અરે ! મરવા ના વાંકે મોતની રાહ જોતા કેટલાય જીવલેણ રોગોમાં સબડી રહયા છે. ભારે રોગોથી ઘેરાઈ ગયા છે. કોઈ રકતપિત્ત, કોઈ ગળતકોઢ, કોઈ કેન્સર, અને કોઇ હૃદયરોગ, તો કોઈ ચામડીના અને કોઈ ટી. બી. વગેરેના ભયંકર મારક રોગોથી ઘેરાયેલા પડયા છે. શરીર એક અને રોગ અનેક. અરે ! કોઇ જીવનનો આધાર આંખ ગુમાવી બેઠો છે તો, કોઈ સ્વરુપવાન કરોડપતિના ઘરે જન્મીને પણ મૂંગો–બહેરો છે. કોઈ જન્મથી અપંગ છે. અરે ! કોઈ સાવગાંડો છે. ઘણાં વિકલાંગ છે. જન્મની ખોડ–ખાંપણ લઈને જન્મેલાનું શું થશે ? હે દયાળુ હૃદય ! તુ બરફની જેમ ઓગળી ને પણ તારૂ પાણી બીજાને પીવરાવ તુ આંધળાની લાકડી બની જા તું નિરાધારનો આધાર અને અસહાય નો સહાયક બની જજે.

એક બાજુ દરિદ્રતા ની ડાકણ અને બીજી બાજુ મોંઘવારીનો રાક્ષસ એ જીવને કેટલા ભીંસમાં લઈ રહયા છે ? કડકડતી ઠંડીમાં ઘણાંના શરીરે કપડા નથી. તો ઘણી બહેન–બેટીઓને લાજ ઢાંકવા વસ્ત્ર નથી. ઘણાંને રહેવા ઓટલો નથી. તો ઘણાંને ખાવા રોટલો નથી. ઘણાં બિચારા શિક્ષણ નથી મેળવી શકતા અને જીન્દગી ઘોર અજ્ઞાનદશામાં કાઢે છે. અજ્ઞાનતા બધા પાપોની જનેતા છે,

હે કરૂણાલું ! તારી કરૂણાને ગંગાના ધોધની જેમ વહેવડાવજે. હે દયાળુ ! તારી દયાને વંટોળીયાની જેમ વહેવા દેજે. હે દુઃખી જનવત્સલ ! તારૂ વાત્સલ્ય જીવમાત્રને આપજે–હે નિરોગી ! અને અરોગી ! બધાને આરોગ્ય આપજે. હે નિરાધારી ! બધાને આધાર આપજે. હે નિ:સહાય ! બધાને સહાય કરજે. હે દયાસિન્ધુ બધા ઉપર અપાર દયા કરજે. હે અનન્ત જ્ઞાની ! જીવમાત્રને સમ્યગ જ્ઞાન આપજે. હે મહાગોપ ! હે મહામાહણ ! હે મહાનિર્યામક ! હે મહાસાર્થવાહ ! તારી કરૂણાનો વરસાદ સર્વત્ર સહુ ઉપર વરષાવજે.

રક્ષક તું છે માહરો, હું રક્ષણ માંગુ છું.
ચરણે આવી સ્વામી તમારા, દર્શન માગું છું..!
સાથી તું છે માહરો, હું સાથ માંગુ છું,
ચરણે આવી સ્વામી તમારો, હાથ માંગું છું ..!
ત્યાગી તુ છે માહરો, હું ત્યાગ માંગું છું,
ચરણે આવી સ્વામી તમારું, જ્ઞાન માંગુ છું..!
ભગવાન તું છે માહરો, હું ભકિત માંગુ છું,
ચરણે આવી સ્વામી તમારી, મુકિત માંગુ છું...!

હે દયાળુ ! નરકના ઘોર અંધારામાં કેટલા જીવો દુઃખની પીડા સહી રહયા છે. પરમાધામીની સજાના કેટલા ભોગ બન્યા છે. હે દીનબંધુ ! નરકની અસહય વેદના ભોગવતા બિચારા નારકી જીવને કોણ છોડાવશે ? હે કૃપાળુ ! તિર્યંચ ગતિના બિચારા પશુ–પક્ષીઓનું કોણ ? પરસ્પર વૈર–અને વૈમનસ્યને કોણ ભૂલાવશે ? હે તારક ! આ તિર્યચોને કોણ તારશે. ? હે જગબંધુ ! લડતા બાંધવોને કોણ બચાવશે ? હે નાથ ! અનાથોનો નાથ કોણ બનશે ?

અરેરે..! આ દુઃખનો ભરેલો સંસાર, અરરે, આ દુઃખના દરિયાની ભરતીઅને ઓટની થપેડો ખાતા બિચારા જીવોનું શું થશે ? અરેરે. ઉકળતા તેલમાં તળાતા ભજીયાની જેવી યાતના ભોગવતા નારકીઓનું શું થશે ? હાશ. આ સંસારનું શું થશે ? અરે આ સંસાર જ

સિદ્ધિનું ધામ બની જાય તો કેટલું સારૂ.

**હે** કરૂણા ભાવના ! તુ મારા અંતરમાં ટકજે. તું મારા હૃદયમાં બિરાજજે. તારો આધાર અને તારો સાથ જ સંસારના દુ:ખીયારા જીવોને આશ્વાસન આપી શકશે. **હે** પ્રભુ ! જીવમાત્ર પરોપકારી બનજો **मा कार्षीत केऽपि पापानि**–કોઈ જીવ પાપ કરશોજ નહીં... **मा च भूत्त कोऽपि दुखित:** અને કોઈ પણ જીવ દુ:ખી થશે જ નહીં.

**सर्वेऽपि सन्तु सुखिन:**,–સર્વ જીવો સુખી થાઓ.
**सर्वे सन्तु निरामया:**,–સર્વ જીવો નિરોગી થાઓ
**सर्वे भद्राणि पश्यन्तु**,–સર્વ જીવો કલ્યાણ ને જુઓ
**मा कश्चिद् दुख भाग् भवेत्** ।–કોઈ પણ જીવ દુ:ખોન થાઓ

**મુનિવર પરમ દયાળ. ભવિયા.**

પૂજાની ઢાળમાં વીરવિજયજી મહરાજે મુનિમહાત્માને પરમ દયાળુ બતાવ્યા છે. આ સળગતા સંસારઉપર જેને અપાર દયા આવી અને આખા સંસારને રમત માત્રમાં છોડી દીધો. શું એ કરૂણા નથી. કેટલી ગજબની દયા છે. આ જગતમાં વધુમાં વધુ દયા જો કોઈની પણ ચિંતવવા જેવી હોય તો તે એક માત્ર સંસારની જ દયા ચિંતવવાની છે આ સંસાર એક સળગતો દાવાનળ છે. એટલે ક્રોધ–દ્વેષાદિ કષાયો ભારોભાર ભરેલા છે. આ સંસાર એક સમુદ્ર જેવો છે. રાગ–દ્વેષાદિ બધા તત્ત્વો ભરેલા છે. એટલે સંસારની કરૂણતા ઉપર કરૂણા ચિંતવવી એજ તત્ત્વવેત્તાની સાધના છે, જે જે કરૂણ અને દારૂણ અકથ્ય પ્રસંગો–ચિત્રો બને છે તે બધા જ સંસારમાં બને છે. સંસારમાં ન બને તો કયાં બને ? માટે આવા દારૂણ અને કરૂણ સંસારને છોડીને આગારમાંથી અણગાર બન્યા છે એ મુનિ મહાત્માની કરૂણા–દયા આ સંસાર ઉપર કેટલી હશે ? એ જ વિચારવી રહી. તેથી વિચારક વીર વિજયજી મહારાજે મુનિવર પરમ દયાળ...ભવિયા મુનિવર પરમ દયાળના ઉદ્દગાર કાઢયા છે.

સાધુની દયા કોઈ એ ચિંતવવાની જરૂર નથી. કારણ સાધુ સહુની દયા ચિંતવે છે. સાધુમાંથી ઉપાધ્યાય, ઉપાધ્યાયમાંથી આચાર્ય થયા. પદ

અને પદવી વધી તો શું દયા વધી કે ઘટી દયા અનેક ગણી વધી. અને આચાર્ય થવામાં જો દયા અનેક ગણી વધી તો આચાર્યમાંથી અરિહંત થયા ત્યારે દયા કેટલી વધી. ઓ હો ! ત્યારે તો દયા અનેક ગણીના બદલે અનન્તગણી વધી માટે અરિહંત વીતરાગ પરમાત્માને કરૂણા સિન્ધુ, દીનબંધુ. દયા સિંધુ, કરૂણા મૂર્તિ જગતદયાળ વગેરે અનેક વિશેષણોથી નવાજવામાં આવે છે. એટલે શાંત સુધારસમાં વિનય વિજયજી મહોપાધ્યાય ફરમાવે છે કે

**सुजना ! भजत मुदा भगवन्तं, सुजना भजत मुदा भगवन्तम् ।**
**शरणागतजनमिह निष्कारणकरुणावन्तमवन्तम् रे ॥**

હે સજ્જન બંધુ ! ખૂબ આનંદથી ભગવાનને ભજો, અરે ! ચિત્તના ઉલ્લાસથી ભગવાનને ભજો. એ પ્રભુ અપેક્ષા કે આશા વિનાના કરૂણા ભાવવાળા છે. શરણે આવેલાને પણ શરણુ આપી રક્ષણુ કરનારા છે. માટે ખૂબ ઉત્તમ ભાવથી ભગવાનને ભજવા જોઈએ.

જે કરૂણા રાખી શકે તે જ સમતા સાધી શકે. અને જે કરૂણા રાખી શકે તે જ કરૂણા વરસાવી શકે.

**ક્યાં છે કરૂણા ?**

રસ્તા ઉપર થયેલો અકસ્માત જોવા તો ઘણાં ભેગા થાય છે. ગરદી અને ટોળાની વચ્ચે આપણે પણ જોવા તો ગયા સહેજ ઊંચા-નીચા થઈને બનેલો બનાવતો જોઈ લીધો. પરંતુ ફક્ત બે જ મિનિટમાં આપણે ચાલતી પકડી કેમ ચાલતા કેમ થયા ? શું અકસ્માત નથી થયો. શું કારણ શું છે કે આટલા જલ્દી ડોકીયું કરીને આપણે ચાલતા કેમ થઈ જઈએ છીએ ? સાચું કહીએ તો એટલું જ જોવું હતું કે અકસ્માતમાં મારો કોઈ સગો તો નથી ને ? મારો પુત્ર કે પુત્રી, પત્ની કે બેન, મારી માતા કે સાસુ વગેરેમાંથી કોઈ છે તો નહીં ને ? કરૂણા ભાવના સગાવાદને વચ્ચે નથી લાવતી. સગા-સંબંધી ને જ બચાવવા કે ઉગારવા પણ બીજાને નહીં ? તો કયા ગઈ કરૂણા ? કયાં ગઈ દયા ?

દયા અને કરૂણા તો તપેલામાં આવતા દૂધના ઉભરાની જેમ મનમાં ઉભરાઈ આવવી જોઇએ. પછી સામેવાલો જીવ કોણ છે તે જોવાની જરૂર પણ નથી. માતાના માટે ચારે પુત્રો સરખા તેમ દયાળુ દાતા કે કરૂણાળુ કર્તા માટે જીવમાત્ર સરખા હોવા જોઈએ. કરૂણા ભાવનાના વિષયમાં પક્ષપાત કે સ્વાર્થ નથી હોતો. કરૂણા ભાવનાના વિષયમાં વ્યક્તિ મહત્ત્વની નથી હોતી. ભાવના મહત્ત્વની હોય છે. અનંત કૃપાલુ કરુણા વરસાવે છે ત્યારે કોના ઉપર કરુણા વરસાવવી અને કોના ઉપર ન વરસાવવી એમ પક્ષપાત ન કરે. વાદળા વરસે છે ત્યારે નીચે જગ્યા જોઈને નથી વરસતા જેને વરસવું જ છે એ પછી કયાં વરસવું અને ક્યાં ન વરસવું એવું શા માટે વિચારે? એમ તીર્થંકર ને વરષીદાન આપવુ જ છે તો આપનાર શા માટે વિચાર કે આને આપીશ અને આને નહીં ? જગત્વત્સલ કરુણામૂર્તિ વાદળાની જેમ સર્વત્ર એક ધારી એક સરખી કરુણા વરષાવે છે સુખી સુખી થાય અને દુઃખી પણ સુખી થાય. સુધરેલો શુદ્ધ થાય. અને દુર્જન પણ સજ્જન થાય પ્રભુની દયાથી કરુણાને પાત્ર દયાપાત્ર આત્મા પણ સાચો માનવ, મહામાનવ સજ્જન થઈ જાય છે.

**કરુણા કરજો હે કીરતાર ! રક્ષા કરજો હે ભગવાન !**

વગેરે અનેક ભાવવાહી શબ્દોથી આપણે પ્રભુને સ્તવીએ છીએ.

## કરુણા આવતા સંસાર છોડયો

પિતાની તથા રાજ જ્યોતિષીની ના હોવા છતા પણ ખ્યાલ બહાર જતા પુત્રની સામે ત્રણ વસ્તુ તો આવી ગઈ. તેમાં મરેલું મૃતક વૃદ્ધ, તથા રોગી ગરીબ અને જોત જોતામાં અદ્દભૂત ચિંતન કરીને તથા ગતબુધ્દે તે જ રાત્રીએ પત્ની યશોદા તથા પુત્ર રાહુલ આદિ પરિવારને છોડી. દીક્ષા અંગીકાર કરી સાધુ બન્યા.

મરૂભૂતિ જેવા મિત્રની મોટાભાઈ કમઠના હાથે મૃત્યુ થયેલું જોઈને મિત્ર રાજા અરવિંદ સંસાર છોડી રાજામાંથી મહારાજા બન્યા. અને અરવિંદ મુનિએ મરૂભૂતિ હાથીને શાંત કરી પ્રતિબોધ પમાડયો.

કોઈને પણ માત્ર રોગ કે મૃત્યુમાંથી ઉગારવો તેના કરતા પણ સંસારમાંથી ઉગારવામાં અનેક ગણી દયા હોય છે.

મનમાં જામેલા રાગ-દ્વેષ રૂપી કચરાને દૂર કરવા માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓ યોજવામાં આવી છે, પરદયાને વ્યાપક અને વિશાળ બનાવી ને જીવ માત્ર, (પ્રાણી માત્ર) સુધી વિસ્તારવાથી વિશ્વબંધુત્વ ભાવના નિર્માણ થાય છે. વિશ્વબંધુત્વની ભાવનામાંજ જગતના કલ્યાણની ભાવના રહેલી છે.

**"क्लिष्टेषु जीवेषु कृपापरत्वम्"**

દીન-દુઃખી આર્ત અને પિડાતા, સીદાતા જીવ માત્ર પ્રત્યે કરૂણા ભાવના રાખવી જોઈએ. કરૂણા ભાવનામાં કૃપા-અને ઔદાર્યતાનો ગુણ હોય છે, કરૂણા હૃદયને કુણું કરે છે. મનોવૃત્તિ શાન્ત કરે છે. સમતાની સહાયક આ ભાવના છે. ધર્મ માર્ગમાં જીવદયા પાળવામાં સાધક આ કરૂણા ભાવના છે અહિંસા ધર્મની તો જનની-માતા જ છે. કારણ દયા-કરૂણા વિના તો અહિંસા પાળવી પણ શકય નથી. તે તે ભાવના ના અધિકારી વર્ગની વિચારણા કરતા શાન્ત સુધારસમાંજ પૂજ્ય વિનય વિજયજી મહારાજ ફરમાવે છે કે

**"कारुण्यमार्ताङ्गिरुजां"**

આર્ત એટલે દુઃખ આર્તવસહિત-અર્થાત-દુઃખો. પીડીત, ત્રાસેલો, એવો જીવ કરૂણા ભાવનો વિષય છે. કરૂણા સદા જીવાશ્રયિ છે. જડાશ્રયિ નથી. કરૂણા સુખ-દુઃખના નિમિત્તે આત્મસિદ્ધિ-અને શુદ્ધિ કરે છે. કરૂણા ભાવના શાંતિ [illegible] અને પર ઉભયને શાંતિ આ ભાવનાથી [illegible] નારી નમ્ર ભાવના છે. ક્રોધાદિને દૂર કરી [illegible] શાન્ત બનાવે છે. જગતમાં માત્ર દેહથી [illegible] કરૂણા દાખવતી પરન્તુ ભાવના યોગના દીર્ઘદ્રષ્ટા તો આ જગતના ક્રોધાદિ કષાય કરનારા જીવો જે પાપકર્માદિ બાંધનારા જીવો જે ફળ પામે છે, કષાયના પરિણામો

Serving JinShasan
089400
gyanmandir@kobatirth.org

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
३८२००९